# શ્રી મોઢ ચાતુર્વેદિય ઉત્કર્ષ મંડળ

શ્રી MOCHAUM ESTD. 2004
C/o.ચેતન એન. ત્રિવેદી : ૮૦૩/૮૦૪, કર્મ સંદેશ-૨, જનતા કોલોની રોડ, હીંગવાલા ક્રોસ લેન, ઘાટકોપર (ઈસ્ટ), મુંબઈ - ૭૭. મોબાઈલ : ૯૮૨૦૨ ૦૬૫૨૩ • Website: www.MCCSonline.com

રજીસ્ટ્રેશન નં.: ઈ-૨૨૩૧૦ (મુંબઈ) તા.૨૮-૧-૨૦૦૫

તા. ૧૫-૧૦-૨૦૨૩

## યા દેવી સર્વભૂતેષુ  શક્તિ રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ

સુજ્ઞ જ્ઞાતિજનો,

શક્તિનું સાક્ષાત, સદેહ સ્વરૂપ એવા માતાજીનું ઉમંગ-ઉત્સાહ-ઉલ્લાસભર્યું નવરાત્રી પર્વ શરુ થઇ ગયું છે અને પર્વાધિરાજ દીપાવલીના પગરવ મંડાઈ રહ્યા છે. આશા છે કે આપ તથા આપના સૌ પરિવારજનો ક્ષેમ કુશળથી હશો. આપ સૌને અમારા ઉર્જાભર્યા અને ઉષ્માભર્યા સાદર વંદન તથા આપણા દરેક જ્ઞાતિજનનું આરોગ્ય નિરામય રહે અને સૌ જ્ઞાતિજન ઉત્તરોઉત્તર પ્રગતિ કરે તેવી માતાજીના ચરણોમાં પ્રાર્થના.

આપણી જ્ઞાતિની વાર્ષિક સર્વ-સાધારણ સભા તા. ૨૪-૯-૨૦૨૩ રવિવારના રોજ યોજાયેલ જેમાં ગત વર્ષના વાર્ષિક અહેવાલ અને હિસાબ રજુ કરવામાં આવેલ.

આપણી જ્ઞાતિનું આ વર્ષનું દિવાળી સ્નેહ-સંમેલન આપણી જ્ઞાતિના લબ્ધ પ્રતિષ્ઠિત **શ્રી. ભદ્રેશભાઈ કૌશિકરામ શુક્લ** (દહિસર-ઈસ્ટ) ના પ્રમુખ સ્થાને **તા.૨૬-૧૧-૨૦૨૩ રવિવાર**ના રોજ **શ્રી ઠક્કાઈ ભાટિયા હોલ**, શંકર ગલી ના નાકે, એસ.વી.રોડ, કાંદિવલી-વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૭ ખાતે યોજવામાં આવેલ છે.

### કાર્યક્રમની રૂપરેખા

| | |
|---|---|
| સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ | ચા-કોફી, નાસ્તો, રંગોળી સ્પર્ધા |
| સવારે ૧૦.૦૦ થી ૧૧.૦૦ | વેલકમ ડ્રિન્ક, સ્નેહ-મિલન, વિદ્યાર્થીઓ માટે **કારકિર્દી માર્ગ-દર્શન** |
| બપોરે ૧૨.૦૦ થી ૨.૩૦ | પ્રીતિ-ભોજન |
| બપોરે ૩.૦૦ થી ૫.૦૦ | રમ્મત અને ગમ્મત, આબાલ-વૃધ્ધ સૌ ***'સબ ખેલો, સબ જીતો'*** |
| સાંજે ૫.૩૦ થી ૬.૦૦ | ચા-કોફી |
| સાંજે ૬.૦૦ થી ૭.૩૦ | સંસ્થાકીય કાર્યક્રમ, ઈનામ વિતરણ, સિનિયર સીટીઝન બહુમાન |
| રાત્રે ૭.૩૦ થી ૯.૦૦ | રાત્રી ભોજન |

આ ઉપરાંત દર વર્ષની માફક બાળકો માટે ચિત્ર-સ્પર્ધા પણ રાખવામાં આવી છે.  ઉપરોક્ત કાર્યક્રમને સફળ બનાવવા આપ સર્વેને સહકુટુંબ સમયસર ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે. દરેક જ્ઞાતિજનોને ખાસ વિનંતી કે ઘર દીઠ કેટલી વ્યક્તિ કાર્યક્રમમાં હાજર રહેવાની છે તેની જાણ **તા.૧૯-૧૧-૨૦૨૩** સુધીમાં કમિટી મેમ્બરોને કરશો જેથી વ્યવસ્થા કરવામાં કોઈ કચાશ ન રહે. વિદ્યાર્થીઓની માર્કશીટની કોપી વૉટ્સએપ દ્વારા શ્રી.અક્ષયભાઈ દીક્ષિતને (મોબાઈલ નં.:૯૩૨૧૦ ૨૬૪૬૭) કે શ્રીમતી.રક્ષા અક્ષયભાઈ દીક્ષિતને (મોબાઈલ નં.:૯૩૨૧૧ ૨૬૪૬૭) અથવા ઈ-મેઈલ દ્વારા (mccs.utkarsh@gmail.com) ઉપર તા. **૧૯-૧૧-૨૦૨૩** સુધીમાં મોકલવી જરૂરી છે. ધ્યાન રહે કે ફક્ત કાર્યક્રમના દિવસે હાજર રહેલ વિદ્યાર્થીઓને જ ઈનામ મળી શકશે.

આપણી જ્ઞાતિની બહેનો/દીકરીઓ ઈતર જ્ઞાતિમાં લગ્ન કરેલ હોય તેમને પણ સંસ્થા સપરિવાર નિમંત્રિત કરે છે, તો તેમને પણ જાણ કરવા વિનંતી.

આપના સાથ-સહકાર ની અપેક્ષા સહ અને આપના સ્વાગતોત્સુક ...

**લિ. શ્રી મોઢ ચાતુર્વેદિય ઉત્કર્ષ મંડળ, કારોબારી સમિતિ**

**શ્રી વિજય વી. ભટ્ટ (પ્રમુખ)**
**શ્રી વિજય પી. જાની (ઉપ-પ્રમુખ)**
**શ્રી પ્રદીપ જી. ત્રિવેદી (માનદમંત્રી)**
**શ્રી દીપક એ. ત્રિવેદી (સહ માનદમંત્રી)**
**શ્રી હિતેશ એ. દીક્ષિત (ખજાનચી)**
**શ્રી ધૃણલ પી. ત્રિવેદી (મેમ્બર)**
**શ્રીમતી રક્ષા એ.  દીક્ષિત (કો-ઓપ્ટેડ મેમ્બર)**
**શ્રી ચેતન એન. ત્રિવેદી (આયોજક)**
**શ્રી સંજય એમ. શુક્લા (મેમ્બર)**
**શ્રી અક્ષય આર. દીક્ષિત (મેમ્બર)**
**શ્રી ભૃગુરાજ બી. ત્રિવેદી (મેમ્બર)**
**શ્રી અમિત આર. ત્રિવેદી (મેમ્બર)**
**શ્રી કંદર્પ એન. દવે (કો-ઓપ્ટેડ મેમ્બર)**

**નોંધ:** જો કોઈ કારણવશ આપના  નજીકના સગા-સંબંધીઓ/પરિવારોમાં આ સર્ક્યુલર કે મેસેજ ન પહોંચ્યો હોય તો તેમને જાણ કરવા અને આપણા આ વાર્ષિક દિવાળી સ્નેહ-સંમેલનનું આમંત્રણ પહોંચાડવા આપ સૌને નમ્ર વિનંતી.